## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મે વિદેશમાં ફરીને ધ્યાનથી જોયું ત્યાં વારંવાર દોડ સ્પર્ધા યોજાય છે... અને જે જગ્યાએ દોડે છે ત્યાં બહુ સ્વચ્છતા મેં જોઈ છે... એટલે મિત્રો તમે પણ વિદેશી કરતા પણ વધુ દોડો અને દેશ સ્વચ્છ કરી બતાવી દો...!!

# ગાંધીનગર ખાતે દેશના પ્રતિષ્ઠિત સાયબર તજજ્ઞો યુવાનોને માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા.૬

ડિજિટલ તેમજ ઈ-કરન્સીના યુગમાં સાયબર ક્રાઈમ અટકાવવા અને રાજ્યના યુવાનોને ગુનાઓ પ્રત્યે અગાઉથી જ જાગૃત કરવા-રક્ષણાત્મક પગલાંના હેતુથી રાજયના ગૃહ વિભાગ હેઠળ સાયબર સુરક્ષા કવચના માધ્યમથી એક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આવતી કાલ તા. ૭મી ફેબ્રુઆરી-૨૦૧૭ને મંગળવારના રોજ રાજયમાં પ્રથમવાર ગાંધીનગર ખાતે 'સાયબર સુરક્ષા દિવસ' ની ઉજવણી માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયબર સુરક્ષા અંગેના જનજાગૃતિ કાર્યક્રમનું ઉદઘાટન ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવશે.

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૧૦-૦૦ કલાકે યોજાનાર આ સાયબર સુરક્ષા ડેની ઉજવણીની સાથે સાયબર સુરક્ષા અંગે જાગૃતિ આવે અને વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયા સ્વપ્ન-મિશનને વધુ બળ મળે તે માટે તા. ૭ થી ૧૪ ફેબ્રુઆરી-૨૦૧૭ દરમિયાન રાજ્યભરમાં 'સુરક્ષા સેતુ સોસાયટી'' દ્વારા રાજ્યભરના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સાયબર સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. તદ્‌ઉપરાંત 'સાયબર સેફટી ફોર ઓલ' હેઠળ ઓન લાઈન છેતરપીંડીથી બચવા યુવાનો-મહિલાઓમાં જાગૃતિ આવે તે માટે જાહેરાતો, વીડિયો કલીપ, ઓડિયો કલીપ, ચોપાનીયા, વેબસાઈટ અને સોશિયલ મીડિયાના માધ્યમથી મલ્ટીપ્લેક્સ, સિનેમા હૉલ, સ્કૂલ-કોલેજ અને યુનિવર્સિટી જેવા સ્થળોએ જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે.

સાયબર સુરક્ષા અંગેના જનજાગૃતિ કાર્યક્રમમાં સાયબર તજજ્ઞ શ્રી ચંદ્રશેખર રેડ્ડી ''સાયબર સિકયુરીટી ઈન ધ એરા ઓફ સોશિયલ મીડિયા'' વિષય પર તેમજ નવી દિલ્હીના સાયબર તજજ્ઞ શ્રી રક્ષિત ટંડન ''સાયબર ક્રાઈમ્સ : ઈમર્જીંગ ટ્રેન્ડસ'' વિષય ઉપર ચાવીરૂપ માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં દેશભરના વિવિધ સાયબર તજજ્ઞો દ્વારા 'બી ધ ચેન્જ - યુનાઈટ ફોર અ બેટર ઈનટરનેટ'' વિષયક પેનલ ડિસ્કશન પણ યોજાશે.

# વૈષ્ણવ સમાજના પ્રમુખપદે ડૉ. પ્રદિપ ગગલાણીની વરણી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખપદે શહેરના જાણીતા શૈક્ષણિક અગ્રણી ડૉ. પ્રદિપ ગગલાણીની સર્વાનુમતે વરણી કરાઈ છે. વૈષ્ણવ સમાજની કારોબારી બેઠકમાં આ નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો. જેના પગલે ઈન્ફોસીટી પરિવાર તથા શહેરના વૈષ્ણવ જનોએ હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. પ્રદિપ ગગલાણી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના આચાર્ય તથા ટ્રસ્ટી છે. યુવાન, કર્મઠ અને શિસ્તના હિમાયતી ડૉ. ગગલાણીની ધાર્મિક વિચારસરણી વૈષ્ણવ સમાજને અનોખુ નેતૃત્વ પુરૂ પાડશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. ડૉ. ગગલાણીની વરણીથી ઈન્ફોસીટી પરિવારના શિક્ષકો, સંચાલકો, વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર ગાંધીનગર શહેરના વૈષ્ણવજનોએ અભિનંદન વર્ષા કરી તેમને નવી જવાબદારી વધુ સારી રીતે સક્ષમતાથી નિભાવવા શુભેચ્છાઓ પાઠવી છે.

# રવિવારે કાંકરિયા ખાતે બીએસપીની જાહેરસભા-રેલી

ગાંધીનગર, તા. ૬

બહુજન સમાજ પાર્ટીના ગુજરાત પ્રદેશ એકમ દ્વારા આગામી તા. ૮મી ફેબ્રુઆરી બુધવારે સવારે ૧૧ કલાકે અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સાથે અહીં સભા પરિવર્તન મહારેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં બસપાને મજબૂત બનાવી ત્રીજા નંબરની રાષ્ટ્રીય પાર્ટીના વિકલ્પરૂપે ઉભી કરવા સાથે પાર્ટીના સુપ્રિમો માયાવતીને મજબૂત પીઠબળ પુરૂ પાડવાના ઉદ્દેશથી આ રેલી તથા જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં બસપાના ગુજરાત પ્રદેશ એકમના પ્રભારી છટ્ટુરામ તથા પ્રદેશ પ્રમુખ બચુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ જાહેર સભા તથા રેલીમાં મોટી સંખ્યામાં જોડાવા જાહેર જનતાને ગાંધીનગર જિલ્લા બીએસપીના પ્રમુખ ચિરાગ પરીખ, જિલ્લા પ્રભારી પ્રવિણ વાઘેલા, જિલ્લા મહાસચિવ રાજીવ પરીખ, ઉપપ્રમુખ અમૃત કાપડિયા, મહિલા શહેર પ્રમુખ દિનાબેન પરીખ તથા જિલ્લા પ્રમુખ જશોદાબેન પરમારે આહવાન કર્યુ છે.



અંદાજપત્ર પર વ્યાખ્યાન : ગાંધીનગર રોટરી કલબ દ્વારા કેન્દ્રીય અંદાજપત્ર પર પ્રતિવર્ષ યોજાતા પ્રવચનની પરંપરા અન્વયે સોમવારે સાંજે જાણીતા ટેક્ષ કન્સ્ટન્ટ મુકેશ પટેલનું પ્રવચન યોજાયું હતું. કેન્દ્રના અંદાજપત્રમાં એક-એક મુદ્દો મુકેશભાઈએ ઝીણવટપૂર્વક સમજ આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, આગેવાનો અને રોટરી કલબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આ પ્રોજેક્ટના ચેરમેન અને શહેરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કેતન મહેતાએ કાર્યક્રમની રૂપરેખા આપી પ્રસ્તાવના રજૂ કરી હતી.



## કાનપુરમાં બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ

ગાંધીનગર જિલ્લાના કાનપુરમાં બ્રહ્માણી માતાજીના પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. માતાજીના આ ધાર્મિક પ્રસંગ નિમિત્તે હોમ-હવન થયા હતા અને ગામમાં માતાજીની શોભાયાત્રા ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સામેલ થઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. ગામમાં સુખ, શાંતિ અને તંદુરસ્તી જળવાઈ રહે તેવા શુભ હેતુથી આ પ્રસંગ યોજવામાં આવ્યો હતો અને ગ્રામજનોએ હરખભેર યથા યોગ્ય પોતાનુ યોગદાન આપી પ્રસંગને દિપાવ્યો હતો.

# સે-૨૮માં છ કક્ષાના કેટલાક બ્લોક જોખમી હાલતમાં

### શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ સેકટરોમાં સ્થિત ભયજનક મકાનોમાં રહીશો માથે ખતરો જળુંબી રહયો છે

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. જેમાં જોખમી માલુમ પડતા બ્લોક તોડી નાંખવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ પણ શહેરમાં ભયજનક મકાનોની સંખ્યા વિશેષ છે. સે-૨૮ માં પણ છ કક્ષાના બ્લોક નં-૭ માં પણ ગેલેરીની હાલત ભયજનક હોવાથી ત્વરિત અસરથી પગલા લેવા માંગ ઉઠવા પામી છે.

શહેરમાં દાયકા પુર્વે નિકાલ હેઠળના જાહેર થયેલા આવસો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હાલ પણ સેકટરોમાં અભ્યાસના અંતે ભયજનક માલુમ પડતા આવાસોના મામલે તંત્ર દ્વારા વિભાગ કક્ષાએ મંજુરી મેળવી બ્લોક તોડી નાંખવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સે-૧૭ માં પણ છ કક્ષાના સરકારી પાંચ બ્લોક તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે તબક્કાવાર અન્ય મકાનોનો પણ કડુસલો બોલાવાશે. શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી હાલની સ્થિતિએ રહેઠાંણને લાયક મકાનો બહુ ઓછા છે. ત્યારે દિનપ્રતિદિન ભયજનક મકાનોની સંખ્યામાં વધારો થઈ રહયો હોવાનુ પણ ધ્યાને આવે છે. ચોમાસા દરમિયાન આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટનાઓ પણ વારંવાર પ્રકાશમાં આવે છે. જેના લીધે સરકારી મકાનોમાં રહેતા રહીશોના માથે મોતનો ખતરો જળુંબી રહયો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. શહેરમાં આવાસોની સ્થિતિ ચકાસવા માટે હજુ પણ યોગ્ય સર્વે હાથ ધરી ભયજનક આવસો ખાલી કરાવી દેવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં સે-૨૮ માં છ કક્ષાના બ્લોક નં-૭ ની ગેલેરી પણ જોખમી હાલતમાં હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ મામલે તંત્ર દ્વારા પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.



## વડોદરાની મેરેથોનમાં ગાંધીનગરના દોડવીરો ઝળક્યા

ગાંધીનગર રનર્સ ગૃપના કેટલાક દોડવીરોએ રવિવારે વડોદરા ખાતે યોજાયેલ ફુલ મેરેથોનમાં ભાગ લીધો હતો. વડોદરાના નવલખી ગ્રાઉન્ડથી પ્રારંભ થયેલ ૪૨ કિમીની ''બરોડા ઈન્ટરનેશનલ મેરેથોન''માં શહેરના ત્રણ દોડવીરો ડૉ. જિગ્નેશ જેઠવા, ડૉ. હર્ષદ રાઠોડ તથા કમલેશ વલવીએ પૂર્ણ કરી ફિનીસર્સ મેડેલ્સ પ્રાપ્ત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના અન્ય ત્રણ દોડવીરો શૌનક, ડૉ. મિતેશ તથા અનિરૂદ્ધ પણ જોડાયા હતા. ફિનિશર્સ મેડલ્સ પ્રાપ્ત કરનાર દોડવીરો પ્રથમવાર જ ફુલ મેરેથોન દોડી રહ્યા હતા.

## મનપા બજેટમાં પ્રથમ ગ્રાસે મક્ષિકા કેન્દ્રીય નાણાં પંચના ૩૦૦ લાખ રૂપિયા નહી મળે : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૬

વિકાસના નામે બણગા ફૂંકતી સરકારનો ફુગ્ગો ફુટી ગયો છે. વિપક્ષમાં રહી અન્યાયની વાતો કરતી આ સરકાર અને મહાનગરપાલિકાનો અસલી ચહેરો પ્રજા સામે આવી ગયો છે. બે મોઢાની વાત કરવા માટે ભાજપાના હોદ્દેદારો માહિર છે.

ભારત સરકારના નાણાં પંચ દ્વારા શરતોનું પાલન નહીં કરવા બાબતે ગાંધીનગર મહાનગરપાલિકા સહિત તમામ મહાનગરપાલિકાઓને ગ્રાન્ટ નહીં આપવાનું નિર્ણય કરેલ છે. આમ થવાથી ગાંધીનગર મહાનગરપાલિકાને વાર્ષિક ૩.૨૫ કરોડ રૂપિયા ગુમાવાવનો વારો આવ્યો છે. આનાથી ગા.મ.ન. પાલિકાના અર્થતંત્રને નુકશાન થયું છે. સ્થાયી સમિતિએ જે બજેટ રજુ કર્યુ તેમાં પણ નાણાં પંચના ૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાથી લઈ રાજ્ય સરકાર તેમજ કેન્દ્રમાં પણ ભાજપાની સરકાર છે. દર વખતે અન્યાયની વાતો કરતા ભાજપાના શાસકોને એટલો મોટો અન્યાય દેખાતો ન હોય તેમ આંખ આંડા કાન કરી રહ્યા છે. આ ગ્રાન્ટ નહી મળવા પાછળ ભાજપાના હોદ્દેદારો અને શાસકો પોતે જવાબદારી નક્કી કરી પ્રજાની માફી માંગે તેવી માંગણી કરૂ છુ.



ગાંધીનગર તાલુકાના મેદરા ખાતે રૂ. ૬૦ લાખના ખર્ચે ૮ રૂમની નવી બનાવાયેલ પ્રાથમિક શાળાનું આજે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમાર તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગ્રામજનોએ રૂ. ૧ લાખના દાનની પણ વિદ્યોત્તેજક ટુંકમાં જાહેરાત કરી હતી.

## હજુ પ્રામાણીકતા મરી પરવારી નથી...!

# ચિલોડા સર્કલે દાળવડાની લારી પરથી ઈમાનદારીની મહેંક પ્રસરી

### લાખો રૂપીયાના સોનાના દાગીના મુળ માલિકને પરત કર્યા

ગાંધીનગર, તા.૬

આજના સમયે રૂપીયો જ સર્વસ્વ હોય તેવું લાગી રહ્યું છે. જયાં નજર કરો ત્યાં લુંટફાંટ, છેતરપિંડીના સમાચારો કાને સંભળાય છે. રૂપીયાની બાબતમાં સગા ભાઈઓમાં વિશ્વાસ જોવા મળતો નથી.સામાન્ય રૂપીયાની લેતીદેતીમાં ખુન-ખરાબા સર્જાય છે. ત્યારે પોતાને મળેલો લાખો રૂપીયાના દાગીના ભરેલો થેલો એક વેપારીએ પરત કર્યો હતો. આ વેપારી કોઈ મોટા વેપારી ન હતો પરંતુ ચિલોડા ખાતે સામાન્ય દાળવડાની લારી ચલાવતા વેપારીએ સોનાના દાગીના ભરેલો થેલો પરત કરીને સમાજમાં ઈમાનદારી હજુ પણ મરી પરવારી નથી તેનુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે. અને આ પ્રામાણિક વ્યકિતએ મહેનતથી વધુ કાંઈ ના ખપે તે સુત્ર સાર્થક કરી દેખાડ્યું છે.

આ વાત છે ચિલોડા ખાતે અક્ષર કોમ્પ્લેકસ પાસે અંબિકા દાળવડાની લારી ચલાવતા વેપારીની... અત્યારે હાલના સમયે લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. ચિલોડા ચાર રસ્તા પરથી રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરે છે. લગ્નની મૌસમ હોવાથી પસાર થઈ રહેલા નાગરીકોના બેગમાં કિંમતી ચીજવસ્તુઓ અને રૂપીયા પણ હોય છે.ત્યારે અંબિકા દાળવડાની લારી પર ગાંધીનગર તરફ જતા એક ટુ વ્હીલર પર સવાર દંપતિ નાસ્તો કરવા રોકાયું હતું. સ્વાદીષ્ટ દાળવડાના સ્વાદમાં આ દંપતિ પોતાનો ઘરેણા ભરેલો થેલો ભુલી ગયું હતું અને જતુ રહ્યું હતું. તો બીજીતરફ વેપારી પણ અન્ય વસ્તુ ખરીદવા ગયા હતા.પરંતુ તે સમયે તેમના વિશ્વાસુ મિત્ર મહેશ સોલંકીને જવાબદારી સોપી હતી. જેથી આ મિત્રની નજર પેલા થેલા તરફ ગઈ હતી અને થેલાનું ધ્યાન રાખ્યું હતું.

ત્યારબાદ વેપારી આવી જતા થેલા વિશે માહિતગાર કર્યા હતા અને વેપારીએ થેલો અંદર મુક્યો હતો. ત્યારે દંપતીને અડધો કલાક બાદ પોતે થેલો દાળવડાની લારી પર ભુલી ગયાનું ધ્યાન જતા બેબાકળા થઈ ગયા હતા.કારણ કે અંદર કિંમતી દાગીના હતા અને આજના જમાનામાં કોઈ પરત આપે ખરુ...? પરંતુ આ દાળવડાની લારી ચલાવતા વેપારીને મહેનતીથી વધુ કંઈ પણ ન જોઈએ. બાઈક પર દંપતિ આવતા જ જરુરી પુછપરછ કર્યા બાદ લાખો રૂપીયાના ઘરેણા સાથેનો થેલો પરત કરતા દંપતિ ભાવવિભોર થઈ ગયું હતું અને કેવી રીતે આ ભગવાન સમા માણસનો આભાર વ્યકત કરુ તેની અસંમજસમાં પડી ગયા હતા. આજના સમયમાં આ પ્રામાણિક માણસની માણસાઈ જોઈ દંપતિ ગદગદીત થઈ ઉઠ્યા હતા. જયારે દંપતિએ વેપારીનો આભાર વ્યકત કરીને વિદાય લીધી હતી ત્યારે આ પ્રસંગે હાજર સૌ કોઈના મનમાં એક જ વિચાર આવ્યો હતો કે હજુ પણ ઈમાનદારી મરી પરવારી નથી...

## આંબળાની વિવિધ બનાવટો અંગે આજે ડેમોસ્ટ્રેશન

ગાંધીનગર, તા.૬

સિનિયર સિટિઝન કાઉન્સીલના મહિલા પાંખના પૂર્વ કન્વીનર સુશ્રી મીનાબેન શાહ તા. ૭મી ફેબ્રુઆરીના રોજ જયોતિ મહિલા મંડળ આયોજિત વાનગી સ્પર્ધા સાથે આંબળાનું શરબત તેમજ આંબળાની વિવિધ બનાવટો તથા જામફળનું શરબત અને વિવિધ મુખવાસોનું ડેમોસ્ટ્રેશન બતાવશે તો સિનિયર સિટીઝન કાઉન્સીલની બહેનોએ અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે બપોરે દોઢ વાગે હાજર રહેવા મહિલા કન્વીનર આશાબેન દોશીએ જણાવેલ છે.

## એમસીઆઈના પગલે હોસ્પિટલમાં ખુટતા કર્મચારીઓની ભરતી શરુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લુ ઈન્સ્પેકશન ગમે તે ઘડીએ આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. ત્યારે હોસ્પિટલમાં ખુટતા કર્મચારીઓની ભરતી ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે. જયારે અન્ય કર્મચારીઓને બીજી કોલેજમાંથી ટ્રાન્સફર તેમજ ડેપ્યુટેશન પર બોલાવામાં આવી રહ્યા છે. ટુંકમાં એમસીઆઈને પગલે હોસ્પિટલ તંત્રમાં ચહલ-પહલ વધી જવા પામી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. ત્યારે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગાઈડ લાઈન પ્રમાણે આ કોલેજ અને હોસ્પિટલનું છેલ્લુ ઈન્સ્પેકશન બાકી છે. ત્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ કરી દીધી છે જેમાં મોટાભાગની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. હોસ્પિટલમાં એમસીઆઈની ટીમ ગમે તે ઘડીએ આવી શકે તેવી શકયતાઓ નકારી શકાતી નથી. તેવા સમયે હોસ્પિટલમાં જે તે વિભાગમાં ઘટ હોય તેવા કર્મચારીઓની ભરતી કરી દેવામાં આવી છે તેમજ અન્ય મેડીકલ કોલેજમાંથી ટ્રાન્સફર કરીને કર્મચારીઓને ગાંધીનગર મોકલવામાં આવશે. જયારે કેટલાંક કર્મચારીઓને ડેપ્યુટેશન પર પણ ફરજ બજાવવા માટે ગાંધીનગર હોસ્પિટલમાં આવવાની ફરજ પડશે. જયારે હોસ્પિટલ તંત્ર દ્વારા એમસીઆઈની ટીમ આવીને ન જાય ત્યાં સુધી સમગ્ર તંત્ર ખડેપગે કરી દેવાયું છે.

